## જીવનની મહેક

માણસ જ્યારે જન્મે છે ત્યારે 'નામ' નથી હોતું, પણ 'શ્વાસ' હોય છે. અને જ્યારે માણસ મૃત્યુ પામે છે ત્યારે 'શ્વાસ' નથી હોતો, પણ 'નામ' હોય છે. આ 'શ્વાસ' અને 'નામ' વચ્ચેનો ગાળો એટલે જીવન.

સારા માણસ તરીકે જન્મ લેવો તે અકસ્માત ગણી શકાય. પણ સારા માણસ તરીકે મરવું એ મોટી સિધ્ધિ ગણાય. જન્મ ક્યાં લેવો તે આપણા હાથમાં નથી, મૃત્યુ ક્યારે આવશે એ નિશ્ચિંત નથી, પરંતુ જન્મ અને મરણ વચ્ચેનું જીવન કેવું જીવવું એ આપણા હાથમાં છે.

કેટલાક લોકો જીવન પસાર કરે છે અને કેટલાક લોકો જીવન સાર્થક કરે છે.

કેટલું જીવ્યા એ મહત્વનું નથી, કેવું જીવ્યા તે મહત્વનું છે.

તો આ સાર્થ જીવન એટલે શું ? જો જીવન સુખ, શાંતિ અને પ્રસન્નતાપૂર્વક પસાર થઈ જાય એ જીવન સાર્થક થયેલ ગણાય. અને આ ત્યારે જ બને જ્યારે જીવનમાં સેવા અને સાધનાનો સમન્વય હોય, માનવતા અને ધ્યાન સાથે આત્મિયતા હોય.

'ધ્યાન'ના અંકમાં આપણે સાધના વિષે લાંબુ વાંચ્યું અને જાણ્યું. આજે સેવા અને માનવતા વિષે ચર્ચા કરીશું.

સેવાની સામાન્ય શરૂઆત 'દાન'થી થાય. દાન એ મુક્તિનું ધામ છે, મોક્ષનું દ્વાર છે. શરૂઆતમાં દાન નામ માટે (અહંકાર માટે) થાય, પાપકર્મ દૂર કરવા માટે થાય, પુણ્ય ઉપાર્જન કરવા થાય, આવતા ભવમાં સારૂં જીવન મળે માટે હોય અથવા ભગવાનને લાંચ આપવા માટે પણ હોય, મા-સ્વામી માટે કારણ કોઈપણ હોય પણ પૈસાને છોડવાની વાત મહત્વની હતી. પૈસાનો મોહ ઓછો કરવો જરૂરી હતો.

ધીમે ધીમે જો ગુરૂ- વડીલોના આશીર્વાદ હોય તો એ 'દાન' નિઃસ્વાર્થતા ફેરવાઈ જઈ પ્રેમ, કરૂણા અને અનુકંપાના બીજ આપણામાં અંકુરીત કરે છે. પછી એ 'દાન' સેવામાં પરિવર્તિત થવા લાગે છે.

દાન અનેક પ્રકારના હોઈ શકે- ધનદાન, અનાજદાન, મકાનદાન, જ્ઞાનદાન, અભયદાન વગેરે. દરેક દાન જ્યારે નિઃસ્વાર્થતામાં થવા લાગે ત્યારે એક જાતની

પ્રેમ અને કરૂણા આપણામાં ઉત્પન્ન કરે છે જેને એને અદ્વૈતભાવમાં પરિણામે છે, આપણને કુદરતમય બનાવે છે, ધર્મમય બનાવે છે, કુદરતનો એક અંશ બનાવે છે. અને આ આપણને સંપૂર્ણ સુખ, શાંતિ અને પ્રસન્નતા અર્પે છે. આપણને નીડર અને અભય બનાવે છે.

કોવિડનું... છેલ્લું એક વર્ષ જ્યારે સમાજ માટે અનેક જાતની આધિ, વ્યાધિ અને ઉપાધિમય બની રહ્યું ત્યારે તે પાછલું વર્ષ બીના અને મારા માટે એક ઉત્તમ વર્ષ બની રહ્યું. આ એક એવું વર્ષ રહ્યું કે જેમાં સેવા અને સાધના માટે ભરપૂર સમય મળી રહ્યો. આ એક એવું વર્ષ રહ્યું જેમાં પ્રેમ અને કરૂણાની અનુભૂતિ થઈ. આ એક એવું વર્ષ બની ગયું જેમાં અભયતાની ઝાંખી જોવા મળી. દાનમાં આપણે કંઈ આપતા નથી, દાન આપવાની વાત નથી. દાનથી પુણ્ય અને સ્વર્ગ પણ મળતું નથી. દાનથી આવતો ભવ સુધરતો નથી. પુણ્ય, સ્વર્ગ અને આવતો ભવ મારી સમજણની બહારની વાત છે. પરંતુ દાનથી ભાવમાં જરૂર પરિવર્તન થાય છે. દાનથી પૈસા અને પદાર્થની આસક્તિ ઓછી થાય છે. દાનથી સ્વ અને પરની અનુભૂતિ જરૂર થાય છે. દાનથી ભેદજ્ઞાનની ઝાંખી જરૂર થાય છે. દાનથી પ્રેમ અને કરૂણા દિલમાં જરૂર આવે છે. દાન જરૂરથી આપણને કુદરતમય બનાવે છે.

મારી સમજણ મુજબ માનવતા એટલે સ્વના ભાવમાં આવવું. માનવી એક જ એવું પ્રાણી છે જેને કહેવું પડે છે કે માનવ બન. માનવતામય જીવન એટલે પ્રેમ, દયા, કરૂણા અને અનુકંપાથી જીવવું અને આ જ લક્ષણો આપણને નીડર બનાવી અભયતા તરફ લઈ જાય છે. માનવતા એટલે મમત્વ અને અહંકારનો ત્યાગ. માનવતા એટલે કષાયનો ત્યાગ. માનવતા એટલે સર્વ જીવો પ્રત્યે સમભાવ અને પ્રેમ.